# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-08-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ગણેશ ચતુર્થીની ઉજવણી

રાજ્યભરની સાથે કચ્છમાં આજે ગણેશ ચતુર્થીની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. જિલ્લામાં વિવિધ સ્થળોએ ગણપતિ સ્થાપન સાથે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. પશ્ચિમ કચ્છ પોલીસ પરિવાર દવારા ભુજના પોલીસ હેડ ક્વાર્ટર ખાતે સતત 80માં વર્ષે ગણેશોત્સવનું આયોજન કરાયું છે. આ મહોત્સવમાં ગણપતિના આગમન અને વિસર્જન વખતે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવે છે.

કહેવામાં આવે છે કે કચ્છમાં ગણેશોત્સવનો પ્રારંભ કરાવનાર પોલીસ પરિવાર હતો. જિલ્લાના મુખ્ય શહેરોની સાથે ગામડાઓમાં પણ ગણેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. વિવિધ સ્થળોએ ત્રણથી લઇને નવ દિવસ સુધી ભક્તો ભગવાન ગણેશજીની ઉપાસનામાં લીન રહેશે. ગણેશ મહોત્સવ પ્રસંગે જિલ્લામાં મહાઆરતી, હોમ હવન, સંતવાણી સહીતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયૂં છે.

---------------------------------------------------------------------------------

## પર્યુષણ પર્વનું સમાપન

પર્યુષણ મહાપર્વનું આજે સમાપન થઇ રહ્યું છે. વર્ષ દરમિયાન કોઈ પણની સાથે મન દુઃખ થયું હોય તો આ સમયે અંતઃકરણપૂર્વક ક્ષમા માંગવામાં આવે છે અને ક્ષમા આપવામાં પણ આવે છે જેને મિચ્છામી દુક્કડમ કહેવામાં આવે છે, આજે વહેલી સવારથી જ ઉપાશ્રયમાં ખૂબ જ ભીડ જોવા મળી રહી છે. દરેક દેરાસરોમાં ભવ્ય આંગી કરવામાં આવી રહી છે આ આઠ

દિવસ દરમિયાન જે કંઈ તપ કર્યું હોય તેમણે પાંચમ અને છઠના દિવસે પારણું કરતા હોય છે. આ દિવસે સવારે વ્યાખ્યાનમાં બારસા સૂત્ર પૂજ્ય ગુરુ ભગવંતો દ્વારા વાંચન કરવામાં આવે છે.

---------------------------------------------------------------------------------------------

## માંડવી રોડ પર અકસ્માત

માંડવીના બિદડા ખાખર રોડ પર આજે ગંભીર અકસ્માત સર્જાતા બે વ્યક્તિના મોત નીપજ્યા છે. જાણવા મળતી વિગતો મુજબ બપોરના સમયે આ ઘટના બની હતી. અકસ્માત એટલી હદે ભયાનક હતો કે બાઇક સવારના ઘટનાસ્થળે જ મોત થયા હતા. અકસ્માત અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

---------------------------------------------------------------------------------------------

## અંજાર : બેસનું લોકાર્પણ

અંજાર એસ ટી બસ સ્ટેશન ખાતે બે એસ ટી બસોનુ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કચ્છ જિલ્લામાં 18 નવી બસો ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવી છે તે અંતર્ગત અજાર ડેપોને બે નવી એક્સપ્રેસ બસ ફાળવવામાં આવી છે. અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાએ  બસને લીલીઝંડી દેખાડીને પ્રસ્થાન કરાવ્યું હતું. લોકોની સુખાકારીમા વધારો થશે અને મુસાફરીમાં વધુ સગવડ ઉભી થશે એવી લાગણી ધારાસભ્યએ આ પ્રસંગે વ્યક્ત કરી હતી.

---------------------------------------------------------------------------------------------

## માંડવી તાલકાનામાં રોડનું કામ

માંડવી તાલુકાના નાગલપુર ગામે 2 કરોડ 32 લાખના  ખર્ચે નાગલપુરથી રાયણ સુધીનો 3.5 કિલોમીટર અને વીઆરટીઆઇથી નાગલપર રોડ સુધીનો 1.5 કિલોમીટર રસ્તાના રિસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય અનિરુદ્ધ દવેના હસ્તે કરવામાં આવ્યું હતું.  આ પ્રસંગે ધારાસભ્ય અનિરુદ્ધ દવેએ નાગલપરના ગ્રામજનોની વર્ષો જૂની માગણી સંતોષાઈ છે ત્યારે આ

માર્ગ નિર્માણનું કાર્ય ગુણવત્તાયુક્ત થાય તે જોવાની ફરજ ગ્રામજનોની હોવાનું જણાવી પાણી બચાવવા તેમજ પર્યાવરણનું જતન કરવા અપીલ કરી હતી.

--------------------------------------------------------------------------------------------

## હવામાન

શ્રાવણ માસના અંતિમ પખવાડિયામાં વરસાદ બાદ ભાદરવા માસના પ્રારંભે કચ્છમાં મેઘરાજાએ વિરામ લીધો છે. હવામાન વિભાગના સાપ્તાહીક વર્તારામાં કચ્છમાં છૂટા છવાયા હળવાથી મધ્યમ વરસાદની આગાહી વચ્ચે જિલ્લામાં વરાપ નીકળ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી કચ્છમાં વાદળોની આવનજાવન વચ્ચે ધૂપછાંવભર્યો માહોલ છવાયેલો રહ્યો છે તો સાથે તાપાનમાં પણ સામાન્ય વધારો થયો છે. હવામાન વિભાગ દ્વારા ઓગસ્ટ માસના અંત સુધી કચ્છમાં છૂટો છવાયો વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત સપ્ટેમ્બર મહિનાના પ્રથમ સપ્તાહમાં પણ વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરાઇ છે.

--------------------------------------------------------------------------------------------

## ચક્ષુદાન પખવાડિયાની ઉજવણી

દેશમાં 25 ઓગસ્ટથી આઠમી સપ્ટેમ્બર સુધી રાષ્ટ્રીય ચક્ષુદાન પખવાડિયાની ઉજવણી કરવામાં આવે છે.

અદાણી સંચાલિત ગેઈમ્સ જી. કે. જનરલ હોસ્પિટલના આંખ વિભાગના વડા ડો. કવિતાબેન શાહે  આ પ્રસંગે કહ્યું કે  જી.કે.માં કચ્છની એકમાત્ર આંખ બેંક છે. છેલ્લાં પાંચ વર્ષમાં 119 દાનવીરે આંખનું દાન કર્યું છે અને 82 જેટલા ચક્ષુવિહિનના જીવનમાંથી એ દાનના ભાગરૂપે જ અંધકાર દૂર થયો છે. હોસ્પિટલ દ્વારા પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ ચક્ષુદાન માટે જાગૃતિના કાર્યક્રમો યોજાશે એમ કહ્યું હતું. હોસ્પિટલના માનવતાવાદી કાર્યમાં અંધ-અપંગ માનવ કલ્યાણ સોસાયટી, લાયન્સ ક્લબ ઓફ ભુજ, કે. કે. પટેલ હોસ્પિટલ, રોટરી ક્લબ અંજાર, ગાંધીધામ તથા અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓએ આ કાર્યમાં સહભાગી બની અમૂલ્ય ફાળો રહ્યો છે. લોકોને ચક્ષુદાન યજ્ઞમાં જોડાવા અપીલ કરવામાં આવી હતી.

---

## રાજ્યમાં જળાશયની સ્થિતિ

ભારે વરસાદને કારણે રાજ્યના 99 જળાશય હાઇએલર્ટ પર છે. જ્યારે 26 જળાશયને એલર્ટ પર રખાયા છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર બંધ 89 ટકા ભરાયો છે. છેલ્લા 24 કલાકમાં જળસપાટીમાં એક મીટરનો વધારો થયો છે. દરમિયાન અરવલ્લી જિલ્લામાં પણ માઝમ અને મેશ્વો જળાશય ઓવરફ્લો થતાં રૂલ લેવલ જાળવવા માટે પાણી છોડવામાં આવી રહ્યું છે.

---